# 3 અમારી કામધેનુ

N7Y1N3

**- ચંદ્રકાંત પંડ્યા**

ચંદ્રકાંત જેઠાલાલ પંડ્યા ચરોતરના વતની હતા. તેઓ નવસારીની હાઇસ્કૂલમાં શિક્ષક હતા. આ ઉપરાંત પત્રકારત્વ સાથે પણ સંકળાયેલા હતા. આઝાદીની ચળવળમાં એમણે સક્રિયપણે ભાગ લીધો હતો. 'જ્વાળા અને જ્યોત', 'બાનો ભીખુ', સુદામે દીઠી દ્વારામતી ' અને ' ઘડીક સંગ શ્યામ રંગનો' એમનાં જાણીતાં પુસ્તકો છે.

લેખકના જાણીતા પુસ્તક 'બાનો ભીખુ'માંથી આ પાઠ લેવામાં આવ્યો છે. અબોલ પ્રાણી સાથેના મનુષ્યના સહજીવનનું આસ્વાદ્ય નિરૂપણ આ પાઠમાં છે. બોડી ગાય લેખકના ઘરના સભ્ય જેવી જ બની ગઈ હતી. વળી, ગામના લોકો પણ તેને બહુ જ આદર આપતા હતા એનું સુંદર બયાન અહીં મળે છે. લેખકની ભાષા સાદી, સરળ અને અસરકારક છે.

અમારે ત્યાં એક ગાય હતી. સફેદ રંગની કાઠિયાવાડી એ ગાય. ટંકે આઠ શેર દૂધ આપતી. એને શિંગડાં નહોતાં એટલે ઘરમાં સૌએ એનું નામ 'બોડી' પાડેલું. બોડી ગાય ઘણી ઊંચી ઓલાદની, કદમાં નાની અને દેખાવે સુંદર. અમારા કુટુંબની એ કામધેનુ હતી. ગમે ત્યારે દૂધની જરૂર પડે, વેળા-કવેળાએ થોડું ઘાસ કે ચંદી ખવડાવો એટલે દોહવા દે. બીજી ગાયને દોહતી વખતે પગ બાંધવા પડે, નહિ તો લાત મારે. બોડી ગાય તો એટલી ગરીબડા સ્વભાવની કે નાનું છોકરું આંચળમાં હાથ નાખી ખેંચે ને દૂધની સેર કાઢે તોય કશું ન કરે. ઘરનાં સૌને એ ઓળખે. પારકાંને એ બહુ છૂટ ન લેવા દે. પગ ઊંચો કરી દૂર ખસી જાય. ઘણી વાર ગમ્મત ખાતર મેં પણ એનાં



આંચળ ખેંચીને વાડકી ભરીને મારા જેટલું દૂધ કાઢ્યું હશે. બા-બાપુ અને ઘરનાં સૌ એને બહુ લાડ કરે, તેનો દરરોજ ખરેરો કરે. ડોકમાં હાથ ફેરવો તો ડોક ઊંચી કરી હાથ ફેરવવા દે. એને ખાસ લીલું ઘાસ ને સારી રીતે ભરેલો બાફણાંનો ટોપલો મળે. એનું દૂધ પણ મીઠું અને ગાઢું, મા મને દરરોજ સવારમાં એનું દૂધ જ આપે. ક્યારેક તો બા દોહતી હોય ત્યારે વાટકો લઈને હું ત્યાં ઊભો રહું અને બા તાજું ફીણવાળું શેડકઢું દૂધ ભરી દે તે હું ગટગટાવી જાઉં. ગામના લોકો પણ ગાયમાતાને બહુ માન આપે. ગોવાળામાં જાય ત્યારે શ્રદ્ધાળુ લોકો તેને માથે હાથ મૂકી આશકા લે. વારતહેવારે સ્ત્રીઓને કુમારિકાઓ એનું પૂજન કરે. સંક્રાંતિને દિવસે લોકો એને ઘૂઘરી ખવડાવે. આમ, બોડી ગાય ગામ આખાની લાડકી.

બોડી ગાય અમારા ઘરની સ્વજન હોય એમ અમે એને ચાહીએ. એને ચોખ્ખાઈ બહુ ગમે. પીઠ, પગ, જીભથી ચાટીને ચોખ્ખાં રાખે. ગમે ત્યાં ગંદામાં બેસે નહિ. ગંદું કદીય ખાય નહિ. એનાં વાછરડાં પણ સુંદર. વાછરડાંને એ ચાટી- ચાટીને ચોખ્ખાં રાખે. અમે એને બહુ વહાલ કરીએ, એની સાથે રમીએ, એને નવડાવીએ. લીલી ચાર કાપીને અમારા હાથે ખવડાવીએ.

બોડી ગાયનાં છાણ-મૂત્રની પણ બહુ માંગ રહેતી. સારા-નરસા પ્રસંગે લોકો બોડીનું છાણ લેવા આવતાં.

બોડીનો ઉબેલ સવા વરસનો. સવા વરસે વિયાય એટલે એનો વંશવેલો બહુ મોટો. વાછરડા મોટાં થાય એટલે બાપુને ખેતીના બળદ તરીકે કામ આવે. આજે પણ બોડી ગાયની બીજી પેઢી હયાત છે. એની પૌત્રી ‘રમલી ગાય’ આજે ધરમપુરમાં ઘણાં કુટુંબમાં બાપુની સ્મૃતિરૂપે જાણીતી છે. આજે પણ ધરમપુરમાં ઘણાં ઘરો ‘રમલી લે’ કહી લાલચ આપી બોલાવે છે. તેને હાથ ફેરવે છે, એને માટે નિયમિત કંઈ ને કંઈ ખાવાનું રાખી મૂકે છે અને રમલી દરરોજ અમુક ઘરની નિયમિત મુલાકાત લે છે.

જાનવરને મમતા આપો, પછી જુઓ એ શું નથી આપતાં ! બા કહેતી કે, એક વાર ઘરમાં ચોર આવેલા. તે દિવસે બોડી ગાયે બરાડા પાડીને ફળિયાનાં સૌને જગાડ્યાં હતાં ને ચોર નાસી ગયા હતા. બાપુની ઠાઠડી નીકળી ત્યારે એણે કેટલાય ધમપછાડા કરી, ખીલેથી છૂટી નાસભાગ કરેલી.

બોડી ગાય કુટુંબની ખરેખર કામધેનુ હતી. બાપુજીના અવસાન પછી બોડી ગાય અને એક ભેંસ અમારા ગુજરાનનું સાધન હતી. ભેંસ હતી તે વરસને આંતરે મરી ગઈ હતી. બીજી ભેંસ ખરીદવાની બાની આર્થિક સ્થિતિ નહોતી. ખેતર વેચાઈ ગયું ત્યારે બોડી ગાય ઉપર જ અમારું કુટુંબ નભતું. એના દૂધની લાયણીના મહિને પચ્ચીસેક રૂપિયા આવતા. સોંઘારતનો જમાનો, બોડીનું બહુ ખર્ચ નહિ. નાનો ભાઈ અને નાની બહેન એટલાં જ ઘરમાં, એટલે અમારું પેટિયું નીકળતું. બા કોઈને ત્યાં રાંધી, મજૂરી કરી ખોટ પૂરે, અમને ભણાવે છતાં મુખ્ય સાધન તો બોડી – એ જ અમારી કામધેનુ. એક વાર બોડીને જાનવર કરડ્યું. બાએ કેટલાયે ઉપાયો કરાવ્યા. બધા નિષ્ફળ ગયા. આખું શરીર ફૂલી ગયું ને આખરે તે મરી ગઈ. બા સગી દીકરી મરી ગઈ હોય તેમ રડી. તે દિવસે ખાધું પણ નહિ. બોડી ગાય અમારા કુટુંબનું કોઈ પૂર્વજન્મનું ઋણ અદા કરવા આવી હોય તેમ કસોટીના સમયમાં એ જ અમારો સહારો બની હતી. ક્યાંયે હાથ લાંબો કરવાની વેળા બાને એણે નહોતી આવવા દીધી. એનું કાર્ય પૂરું કરી એ ગઈ, તે જ વર્ષે અમારો કૉલેજનો અભ્યાસ પૂરો થયો; મને નોકરી મળી, એ પણ કેવો અકસ્માત !

બાએ બોડીને ચાંલ્લો કર્યો. ફૂલચોખા ચડાવી, ભીની આંખે પ્રણામ કર્યા. બાપુની જૂની વાડીમાં જ એક પીપળા નીચે ખાડો ખોદાવીને દટાવી. એ પીપળો આજે 'બોડી પીપળો' તરીકે ઓળખાય છે. વટસાવિત્રીને દિવસે ગામની સ્ત્રીઓ એ પીપળાનું પૂજન કરે છે. બોડી ગાયનું સંભારણું એ રીતે આજે પણ કાયમ છે!

**(‘બાનો ભીખુ’માંથી)**

## શબ્દાર્થ

**ટંક** નિશ્ચિત સમય, **બાફણું** બાફેલું અનાજ, **આશકા** દેવની આરતી, **સંક્રાંતિ** મકરસંક્રાતિ, **ઘૂઘરી** બાફેલી જાર, બાજરી વગેરે, **વસ્ત્રગાળ** વસ્ત્રથી ગાળેલું, **સોંઘારત** સોંઘવારી, **વટસાવિત્રી** વડનું પૂજન કરવાનો દિવસ

### શબ્દ સમૂહ માટે એક શબ્દ :

- તરતનું જ દોહેલું દૂધ - **શેડકઢું**
- ઈચ્છા અનુસાર દૂધ આપનારી ગાય - **કામધેનુ**
- બે પ્રસૂતિ વચ્ચેનો ગાળો - **ઉબેલ**
- પશુના શરીર પર પસરાવવાના સાધન વડે તેને માલિસ કરવી - **ખરેરો કરવો**

### 1. વાતચીત :

1. તમને કામધેનુ મળી જાય તો શું શું કરશો?
2. તમારા ઘરમાં કોઈ પ્રાણી પાળ્યું છે ? કેમ?
3. તમે કોઈ પ્રાણીકથા સાંભળી છે? કઈ ?
4. તમને કયું પ્રાણી સૌથી વધુ ગમે છે? શા માટે?
5. પ્રાણીઓની સારસંભાળ કઈ રીતે લઈ શકાય?
6. તમને લાગે છે કે બોડી ગાયથી આખા ઘરનું ગુજરાન ચાલી શકે?

### 2. પાઠના આધારે સાચા વિકલ્પ સામે ✔ કરો.

1. બોડી ગાયને લાગુ પડતું નથી.

☐ પારકાંને પણ દોહવા દે.

☐ ટંકે આઠ શેર દૂધ આપતી.

☐ ગામ આખાની પ્રિય.

2. બોડીનો વંશવેલો બહુ મોટો, કારણ કે...

☐ બોડી આખા ગામની લાડકી હતી.

☐ બોડીની ઉંમર વધારે હતી.

☐ બોડી દર સવા વરસે વિયાતી હતી.

3. વાડીનો પીપળો 'બોડી પીપળો' તરીકે ઓળખાયો. કારણ કે...

☐ બોડી પીપળા નીચે જ બેસતી.

☐ બોડીને પીપળા નીચે દાટી હતી.

☐ બોડીને પીપળા નીચે જ બાંધતાં.

### 3. વિગત વાંચો અને લેખકે આવું શા માટે કહ્યું હશે? - સમજાવો.

1. "એ ગઈ, તે જ વર્ષે મારો કૉલેજનો અભ્યાસ પૂરો થયો, મને નોકરી મળી - એ પણ કેવો અકસ્માત!"
2. જાનવરને મમતા આપો, પછી જુઓ એ શું નથી આપતાં !

**4. આપેલ જાહેરાતને આધારે પૂછેલા પ્રશ્નોના જવાબ લખો. બીજા બે પ્રશ્નો બનાવી તેના જવાબ લખો.**

**છેલ્લા અઢી દાયકાથી આપની અવિરત સેવામાં** | **પ્રો. સુભાષભાઈ દૂધવાળા**

# મેઘધનુષ્ય ડેરી પાર્લર

**અમારાં આકર્ષણ:**

- માવા સિવાયની બધી જ વાનગીઓ મળશે.
- ધાર્મિક પ્રસંગે વિશેષ વળતર આપવામાં આવશે.
- હોલસેલની ખરીદી કરનારને 2% વળતર મળશે.
- વાર્ષિક સભ્યને દરેક ખરીદી પર 1% વળતર મળશે.
- શુભ પ્રસંગે એડવાન્સ બુકિંગ કરાવવા પર હોમ ડિલિવરી નિ:શુલ્ક રહેશે.

**પ્રાપ્તિસ્થાન :** ઓમેનિયમ કૉમ્પ્લેક્સ, નવા નરોડા, અમદાવાદ

નોંધ: સુભાષભાઈ માવાવાળાનો શુદ્ધ માવો અમે મંગાવી આપીશું. દર અમાસે રજા રહેશે.

પ્રશ્નો :

1. તમારે માવો લેવો હોય તો કોનો સંપર્ક કરશો?
2. મેઘધનુષ્ય ડેરી પાર્લર કેટલાં વર્ષથી કાર્યરત છે?
3. મેઘધનુષ્ય ડેરી પાર્લર મહિનામાં કેટલા દિવસ બંધ રહેશે?
4. આ ડેરીમાં કઈ કઈ વસ્તુઓ મળતી હશે?
5.
6.

**5. વિકલ્પમાંથી શબ્દનો અર્થ ધારો અને ☐ કરો. આ શબ્દવાળું વાક્ય પાઠમાંથી શોધીને લખો.**

(1) સેર : વાઘ, ધાર, શહેર

વાક્ય : ..........................................................................................................

(2) લાયણી : તહેવાર, ખરીદી, વેચાણ

વાક્ય : ..........................................................................................................

(3) પેટિયું : પેટી, ગુજરાન, મજૂર

વાક્ય : ..........................................................................................................

**6. લીટી દોરેલ શબ્દસમૂહની જગ્યાએ એક શબ્દ મૂકી વાક્ય ફરીથી લખો.**

1. મને <u>તાજું ફીણવાળું</u> દૂધ ખૂબ ભાવે છે.
2. મારા મિત્રને ઘેર <u>જ્યારે જોઈએ ત્યારે દૂધ આપનારી ગાય</u> છે.
3. રામજીભાઇ એમની ભેંસને દરરોજ <u>માલિસ કરે છે.</u>

**7. ઉદાહરણ અનુસાર બીજા શબ્દ પાઠમાંથી શોધીને લખો.**

ઉદા. વેળા x કવેળા      નિયમિત x અનિયમિત      ચોખ્ખું x ગંદુ

............... x ...............      ............... x ...............

............... x ...............      ............... x ...............

**8. યોગ્ય શબ્દ પસંદ કરીને ખાલી જગ્યા પૂરો.**

(કેટલાયે, ગાઢું, બોડી, ગરીબડા, શ્રદ્ધાળુ , સારા-નરસા)

............. ગાય ............ સ્વભાવની હતી. તેનું ....... દૂધ અમે પીતા. ............ લોકો................ પ્રસંગે બોડીનું છાણ લેવા આવતા. એકવાર બોડીને જાનવર કરડ્યું, બાએ ................ ઉપાયો કર્યા.

**9. અ, બ અને ક માંથી વાક્યના અંશ લઈ અર્થસભર વાક્ય બનાવો.**

| | અ | | બ | | ક |
|---|---|---|---|---|---|
| 1 | બોડી ગાય | | આજે | | કામધેનુ હતી. |
| 2 | બોડીનું | | કુટુંબની | | બોડી અમારો લોકોનો સહારો. |
| 3 | પીપળો | | ફૂલી ગયુંને | | સારા-નરસા પ્રસંગે લઈ જતાં. |
| 4 | ખરી પરીક્ષા | | છાણ | | બોડી પીપળો કહેવાય છે. |
| 5 | આખું શરીર | | સમયે | | આખરે તે મરી ગઈ. |

**10. 'ગઈકાલે'ની જગ્યાએ 'આવતી કાલે' લખી નીચેનો ફકરો યોગ્ય ફેરફાર કરી ફરીથી લખો. પછી સાથે બંને ફકરાનું વાચન કરો. (જોડીકાર્ય)**

ગઈકાલે પપ્પા મને ફરવા લઈ ગયા હતા. પપ્પાએ મને આઈસક્રીમ ખવડાવ્યો હતો. પપ્પાની પહેલાં હું આઈસક્રીમ ખાઈ ગયો હતો. મારા મોંઢા પર આઈસક્રીમ - આઈસક્રીમ થઈ ગયો હતો. તેથી પપ્પા ખડખડાટ હસી પડ્યા હતા.

**11. પ્રશ્નોના જવાબ લખો.**

1. લેખકે બોડી ગાયને એમની કામધેનુ તરીકે શા માટે ઓળખાવી હશે?
2. ઘરનાં બધાં ગાયની શી સંભાળ રાખતાં?
3. બોડી ગાયને સ્વચ્છતા ગમતી એવું તમે શા પરથી કહી શકો?
4. બોડી ગાય આખા ગામની લાડકી હશે એમ શાના પરથી કહી શકાય?

**12. આપેલ મુદ્દાઓનો ઉપયોગ કરીને 'મારું પ્રિય ઝાડ' વિશે લખો.**

પ્રિય ઝાડ - પ્રિય હોવાનું કારણ - તેની આગવી વિશેષતા - તેનાથી થતા લાભ - તેનાં ફળ અને ફૂલ.

**13. મોટેથી વાંચો. સમજો પછી ગુજરાતીમાં અર્થ કહો.**

The cow is a domestic animal. It is found world-wide in various sizes, shapes and colours. The Cow is a gentle and friendly animal. The cow's milk is a rich source of high quality.

## ● સ્વતંત્ર લેખન

વિદ્યાર્થીમિત્રો! ભાષાનાં ચાર કૌશલ્યો પૈકીનું એક કૌશલ્ય એટલે લેખનકૌશલ્ય. જીવનમાં આપણે વારંવાર આપણાં વિચારોને, માન્યતાઓને કે લાગણીને લખીને રજૂ કરવાનું બને છે. આપણે જો લેખનમાં કુશળ હોઈએ તો આપણું કાર્ય અસરકારક બની શકે. ચાલો, આપણે સારા લખનાર બનવા માટેનો અભ્યાસ અત્યારથી શરૂ કરી દઈએ.

લેખનમાં કુશળતા પ્રાપ્ત કરવા માટે સૌપ્રથમ આપણે શું કરવું પડે ? જવાબ છે કે - લખવા માંડવું જોઈએ. આપણી ગુજરાતી ભાષામાં તો કહેવાયું છે કે 'લખતાં લહિયો થાય!'

યાદ રાખો, લખીએ ત્યારે ભૂલ થાય એમ બને, પરંતુ એનાથી ડરી જઈને અટકી ન જવાય!

શરૂઆતના તબક્કે આપણે મુદ્દાને આધારે લખવાની ટેવ રાખવી જોઈએ. દરેક મુદ્દાને આપણે આપણી રીતે વિકસાવતા જઈએ એટલે આપણું સ્વતંત્ર લેખન તૈયાર થઈ જાય. થોડાક મુદ્દાથી આ વાત સમજીએ. આપણે જે વિષય પર લખવા માગતા હોઈએ તે વિષય અંગે આપણા જે કાંઈ અનુભવ હોય તે યાદ કરી લેવા જોઈએ. આપણે એ વિષય વિશે જે - જે જાણતા હોઈએ એને આપણી નોંધપોથીમાં ટપકાવતા જઈએ, જેથી આપણને આપણે જે લખવાનું છે તે માટેના મુદ્દા મળશે. લખવાનું શરૂ કરતાં પહેલાં આપણે નોંધેલા મુદ્દાનો યોગ્ય ક્રમ નિશ્ચિત કરી લેવો. જેનાથી લખાણ પદ્ધતિસર બની શકે. ઘણીવાર કોઈ વિષય માટે આપણે વિશેષ માહિતી પણ એકત્ર કરવાની થાય એમ બને. આપણી પાસે એકત્ર થયેલા મુદ્દાને વિકસાવીને લખતા જઈએ એટલે આપણું લેખન સિદ્ધ થાય.

ચાલો, આપણે કોઈ એક વિષય વિચારીને તેના મુદ્દા તારવીએ.

આપણો વિષય 'સ્વાતંત્ર્ય દિન' હોય તો એ માટેના મુદ્દા કેવા હોઈ શકે? ચાલો વિચારીએ.




વિદ્યાર્થી મિત્રો! તમે જોયું? આપણે કેટલાક મુદ્દા તારવ્યા.

ત્રિરંગો, શાળાઓ, 15 મી ઑગસ્ટ-1947, અંગ્રેજો, પ્રભાતફેરી, સૂત્રોચ્ચાર, સાંસ્કૃતિક કાર્યક્રમ.... આ બધા જ શબ્દો સ્વાતંત્ર્ય દિનને લગતા છે. આપણે જ્યારે 'સ્વાતંત્ર્ય દિન' વિશે લખીએ ત્યારે ક્યાંક ને ક્યાંક આ શબ્દો તો આવે જ ! ખરું ને?

- ત્રિરંગો:- સ્વાતંત્ર્ય દિને તિરંગો ફરકાવવામાં આવે છે
- 15 મી ઑગસ્ટ : આપણા દેશનો સ્વાતંત્ર્ય દિન છે.
- 1947 : આ જ દિવસે ઈ.સ. 1947 ના રોજ ભારત દેશને આઝાદી મળી હતી.
- શાળાઓ : પ્રતિ વર્ષ 15 મી ઑગસ્ટે શાળા અને અન્ય સરકારી સંસ્થાઓમાં ધ્વજ વંદનનો કાર્યક્રમ યોજાય છે.

- પ્રભાતફેરી : જુદી જુદી સંસ્થાઓ દ્વારા પ્રભાતફેરી પણ કાઢવામાં આવે છે, દેશભક્તિના સૂત્રોચાર પણ કરવામાં આવે છે.
- ગુલામ : આપણો દેશ ભારત વર્ષો સુધી અંગ્રેજોનો ગુલામ રહ્યો હતો.
- સાંસ્કૃતિક કાર્યક્રમ : સ્વાતંત્ર્ય દિને શાળા- મહાશાળાઓમાં સાંસ્કૃતિક કાર્યક્રમો પણ યોજાય છે

વિદ્યાર્થી મિત્રો! તમે જોયું? એક જ શબ્દ પરથી આપણે સરળતાથી વાક્ય બનાવી શકીએ છીએ. આવાં થોડાંક વાક્યો એકઠાં થાય એટલે આપણું સ્વતંત્ર લેખન સિદ્ધ થાય. હા, બધાં જ વાક્યો લખાઈ જાય એ પછી તે બધાં યોગ્ય ક્રમમાં ગોઠવવાં જરૂરી છે, સમજાયું?

સ્વતંત્ર લેખન જુદી જુદી રીતે કરવાનું હોય છે. નિબંધલેખન, મુદ્દા પરથી વાર્તાલેખન, પત્રલેખન, વિચાર - વિસ્તાર અને અરજીલેખન વગેરે સ્વતંત્ર લેખનના જ પ્રકાર છે. મિત્રો! દરેક લેખનમાં વાક્યો તો હોય જ! પરંતુ લેખન સ્વરૂપ મુજબ એ વાક્યો લખાતાં હોય છે. જેવું સ્વરૂપ એવું લખાણ, જેમ કે અરજી લેખન હોય તો તેમાં વિનંતીનો ભાવ ધરાવતાં વાક્યો હોય. મુદ્દા પરથી વાર્તામાં વાર્તાની ઘટનાનું નિરૂપણ કરવું પડે. પત્રલેખનમાં સામેની વ્યક્તિને સાહજિક રીતે સંબોધતી ભાષા હોય. નિબંધલેખનની ભાષા નિબંધના વિષયને અનુરૂપ હોય. 'વિચાર-વિસ્તાર'માં કોઈ પણ એક કાવ્ય પંક્તિ કે પ્રેરક વાક્યનો ભાવ સમજીને જરૂરી દૃષ્ટાંત સાથે તે'વિચાર'નો વિસ્તાર કરવાનો હોય છે.

આટલી માહિતી પરથી તમે 'સ્વતંત્રલેખન' વિશે સ્પષ્ટ થઈ ગયાં હશો. ચાલો, હવે એક લેખન -પ્રવૃત્તિ કરીએ. તમારી પાસે ગાય વિશે ઘણી જાણકારી છે. આપણે 'અમારી કામધેનુ' પાઠ પણ ભણી ગયાં છીએ. તે ફરી બે વાર વાંચી જાઓ. એમાં ગાય વિશે ઘણી બધી માહિતી આપી છે. તે નાનાં વાક્યો સ્વરૂપે તારવો .ત્યાર બાદ તમે 'ગાય' વિશે સ્વતંત્ર લેખન કરીને તમારા ભાષા શિક્ષકને વંચાવો, જરૂરી માર્ગદર્શન મેળવો. આ રીતે તમારા સ્વતંત્ર લેખનને વધુ બળવત્તર બનાવો.

- **ચાલો, યાદ કરીએ...**
  - તમને કઈ પ્રવૃત્તિમાં ખૂબ મજા પડી? કેમ?
  - કઈ કઈ પ્રવૃત્તિઓ તમને કઠિન લાગી? ક્રમ લખો. ................
  - કઈ કઈ પ્રવૃત્તિઓ કરવામાં તમે તમારા મિત્રને મદદ કરી હતી?
  - કઈ કઈ પ્રવૃત્તિઓ કરવામાં વધુ સમય લાગ્યો હતો?
  - સૂચના મુજબની કઈ પ્રવૃત્તિ કરવામાં તમારે વધુ પ્રયત્ન કરવો પડ્યો હતો?
  - એકમમાં નવા શીખ્યા હોય તેવા કયા શબ્દો તમને યાદ છે? બોલો.
  - પ્રવૃત્તિ 12માં તમે કયા ઝાડ વિશે લખ્યું હતું?
  - શબ્દ આધારિત કઈ કઈ પ્રવૃત્તિઓ હતી? તેના ક્રમ લખો. ................